# જાહેરનામું

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ, સચિવાલય,

ગાંધીનગર

**તા.૦૩.૦૫.૨૦૨૦.**

**ક્રમાંક : જીજી/૨૪/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨**

The Disaster Management Act, 2005

સમગ્ર દેશમાં COVID-19ની અસરોને નિયંત્રિત કરવાના હેતુથી, The Disaster Management Act, 2005 થી મળેલ સત્તા અન્વયે કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા. ૨૪.૦૩.૨૦૨૦ના હુકમ ક્ર. 40-3/2020-DM-I(A)થી સમગ્ર દેશમાં તા.૨૫.૦૩.૨૦૨૦ થી ૨૧ દિવસ સુધી આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ મોકુફ રાખવામાં આવેલ. ત્યાર બાદ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૧૫/૦૪/૨૦૨૦ના હુકમ ક્રમાંક: 40-3/2020-DM-I(A)થી આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ તા.૧૫.૦૪.૨૦૨૦ થી તા.૦૩.૦૫.૨૦૨૦ સુધી મોકુફ રાખવા નિર્ણય લેવામાં આવેલ. ત્યાર બાદ કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા વખતો-વખત બહાર પાડવામાં આવેલ નિર્દેશો અન્વયે ગૃહ વિભાગના તા.૧૪.૦૪.૨૦૨૦ના સમાનાંકી જાહેરનામા તથા તા: ૨૫.૦૪.૨૦૨૦ના ઠરાવ ક્રમાંક: SB-1/KAV/102020/482/(part-10)થી સમગ્ર રાજ્યમાં આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ તા:૦૩.૦૫.૨૦૨૦ સુધી મોકુફ રાખવામાં આવેલ છે;

૨. પ્રવર્તમાન સંજોગોમાં સમગ્ર દેશમાં COVID-19ની અસરો ધ્યાને લેતાં National Disaster Management Authorityના નિર્દેશો મુજબ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા:૦૧.૦૫.૨૦૨૦ના હુકમ ક્રમાંક ક્ર. 40-3/2020-DM-I(A) થી સમગ્ર દેશમાં તા.૦૪.૦૫.૨૦૨૦ થી વધુ બે સપ્તાહ માટે એટલે કે તા.૧૭.૦૫.૨૦૨૦ સુધી lock downની અવધિ લંબાવવામાં આવી છે તથા કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૦૧.૦૫.૨૦૨૦ના હુકમ સાથેની માર્ગદર્શીકાઓનો ચૂસ્તપણે અમલ કરવાનો રહે છે ;

૩. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૦૧.૦૫.૨૦૨૦ના હુકમ સાથે મળેલ માર્ગદર્શીકાઓમાં જણાવ્યા મુજબ કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા નક્કી કરવામાં આવેલ માપદંડોના આધારે જે તે વિસ્તારને Red, Orange અને Green zonesમાં સમાવેશ કરવામાં આવે છે. આ પ્રકારે નિર્દિષ્ટ કરવામાં આવેલ zoningમાં રાજ્ય સરકાર કોઇ પણ જિલ્લા સંબંધે ફેરફાર કરી શકશે નહી. કેન્દ્ર સરકારની માર્ગદર્શીકાઓમાં જણાવેલ પ્રવૃતિઓ જ જે તે zoneમાં કરી શકાશે ;

૪. અને આથી કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા:૦૧.૦૫.૨૦૨૦ના હુકમ ક્રમાંક ક્ર. 40-3/2020-DM-I(A) અને તે સાથે મળેલ માર્ગદર્શીકામાં જણાવેલ બાબતોનો સમગ્ર રાજ્યમાં તા.૦૪.૦૫.૨૦૨૦ના ૦૦:૦૦ કલાકથી ચુસ્તપણે અમલ કરવા રાજ્ય સરકારે નિર્ણય કરેલ છે.

૫. રાજ્યની COVID-19 અંગેની હાલની પરિસ્થિતીને લક્ષમાં લેતાં તા. ૦૧.૦૫.૨૦૨૦ના હુકમ સાથે મળેલ માર્ગદર્શીકાઓમાં નીચેની બાબતો આવરી લેવા રાજ્ય સરકારે નિર્ણય કરેલ છે, તે મુજબનો અમલ કરવાનો રહેશે.

## Para-7 Activities in Red Zone (Hot-Spots)(Outside Containment Zone)

- **માર્ગદર્શીકાના પારા નં 7(ii) (b) સંબંધમાં ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા અલગ રીતે હુકમો/સુચનાઓ બહાર પાડવામાં આવશે**

➢ **માર્ગદર્શિકાના પારા નં 7(ii) (h)નીચે મુજબ રહેશે.**

**However no new relaxation in the Municipal Corporation areas of Ahmedabad, Vadodara, Surat, Bhavnagar & Gandhinagar Cities and in the Municipal areas of Bopal, Bareja, Godhara, Khambhat and Umreth Municipalities. They will be governed by the orders/guidelines issued by Government of India on 15.04.2020 and thereafter until further orders by the State Government.**

**Para-8 Activities in Orange Zone (Outside Containment Zone)**

**Para-8(iii)**

**No new relaxation in the Municipal Corporation area of Rajkot City and the municipal area of Botad Municipality. It will be governed by the orders/guidelines issued by Government of India on 15.04.2020 and thereafter until further orders by the State Government.**

**Annexure-I**
**National Directives for COVID-19 Management**
**Public Places:**

**Item No. 8 is substituted as under:-**

**Shops selling liquor, *paan, gutka,* tobacco will remain closed in all Zones till further orders.**

૬. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના વખતો-વખતના હુકમથી આપવામાં આવેલ આદેશો તથા માર્ગદર્શક સુચનાઓનો તમામે ચુસ્ત રીતે અમલ કરવાનો રહેશે. આવશ્યક સેવાઓ અંગે કેન્દ્ર સરકાર દ્વારા વખતો-વખત કરવામાં આવતા હુકમ/માર્ગદર્શિકાઓમાં જણાવેલ બાબતો આખરી રહેશે.

૭. આ જાહેરનામાનું અસરકારક અમલીકરણ તમામે કરવાનું રહેશે.

૮. આ જાહેરનામાની જોગવાઇઓ/કેન્દ્ર સરકારની માર્ગદર્શિકાઓના ઉલ્લંઘન કરનાર વ્યકિત The Disaster Management Act, 2005 તેમજ The Indian Penal Code, 1860ની જોગવાઇઓ હેઠળ કાર્યવાહીને પાત્ર થશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પંકજ આર. દવે)
ઉપ સચિવ(કા.વ્ય.-૧)
ગૃહ વિભાગ

પ્રતિ,

- પ.સ. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- રજીસ્ટ્રારશ્રી ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.(પત્ર દ્વારા)
- માન. મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- સચિવાલયના સર્વે વિભાગો.
- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, પોલીસ ભવન, ગાંધીનગર.
- ગૃહ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ.
- તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ
- તમામ રેન્જના વડાશ્રીઓ
- તમામ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ
- તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ
- માહિતી નિયામકશ્રી – ગુજરાત રાજય, બ્લોક નં.૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

  ૨/- આ બાબતને બહોળી પ્રસિધ્ધિ મળે તે મુજબની જરૂરી કાર્યવાહી કરવાની વિનંતી સહ.
- મેનેજરશ્રી – સરકારી મુદ્રણાલય , સેકટર – ૩૦, ગાંધીનગર

  આ જાહેરનામાની સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધિ કરી તેની ૨૫ નકલો ગૃહ વિભાગ તથા આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગને મોકલી આપવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ – ૨૦૨૦.